ગાંધીનગરથી દર ગુરૂવારે પ્રકાશિત થતું સાપ્તાહિક

Agnipath (Weekly) Gandhinagar

Permitted by SSP GNR to Post at GNR Stg
Every Thursday Under Regd. No. : G GNR - 214 / 2012-14

ओ३म्
अस्माकं वीरा उत्तरे भवन्तु

॥ कृण्वन्तो विश्वमार्यम् ॥

# અગ્નિપથ

વર્ષ : ૧૫ | અંક : ૨૩,૨૪ | તંત્રી : અરવિંદ કે. રાણા | ● તારીખ : ૧૨-૦૬-૨૦૧૪, ગુરૂવાર | R.N.I. No. GUJGUJ/2000/1951 | ● કિંમત : રૂા. ૦.૭૫ | ● પાના : ૪

### વૈદિક પરિવાર, ગાંધીનગર દ્વારા મનોનિયંત્રણના વૈદિક ઉપાયો સંબંધિત વ્યાખ્યાન યોજાયું

## પોતાનું સામર્થ્ય જાણી તદ્દનુસાર લક્ષ્ય નક્કી કરવું જોઈએ : સ્વામી વિવેકાનંદજી

ગાંધીનગર

સર્વોત્કર્ષ સેવા સંસ્થાન દ્વારા સંચાલિત વૈદિક પરિવાર, ગાંધીનગર દ્વારા આઈએનઓ અને નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ, ગાંધીનગરનાં સહયોગથી તા ૧-૬-૨૦૧૪નાં રોજ રવિવારે સવારે ૭-૦૦ થી બપોરે ૧-૦૦ વાગ્યા સુધી મનોનિયંત્રણનાં વૈદિક ઉપાયો સંબંધિત વ્યાખ્યાન ગાંધીનગર સ્થિત બલરામ મંદિર પરિસરમાં આવેલા વિશાળ હોલમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.





આ કાર્યક્રમનો પ્રારંભ સવારે ૭-૦૦ થી ૯-૦૦ દરમ્યાન યોગાચાર્ય શ્રી દુષ્યંત મોદીએ સંગીત સાથે હળવો વ્યાયામથી કર્યો હતો. પગ હલાવો, દુઃખ ભગાડોના સૂત્ર સાથે અપાનપ્રાણની કેટલીક ક્રિયાઓ કરાવી હતી. મધ્ય સત્રમાં વૈદિક પ્રવકતા શ્રી અવધેશપ્રસાદ પાંડેયએ ધ્યાનની આવશ્યકતા પર ભાર મૂકયો હતો. તેમણે ત્રૈતવાદ વિષય પર પણ પોતાના વિચારો પ્રસ્તુત કર્યા હતા. આર્યજગતના પ્રખ્યાત દર્શનાચાર્ય સંન્યાસી સ્વામી શ્રી વિવેકાનંદ પરિવ્રાજકજીએ મન શું છે, તેને કયા પ્રકારે અધિકારમાં લેવું, જડ-ચેતનનો ભેદ કયા લક્ષણથી જાણવો વગેરે જાણકારી પોતાના વકતવ્યમાં જણાવી હતી. મનને વશમાં લેવા અનાવશ્યક ઈચ્છાઓને ઘટાડવી, જીવનમાં હકારાત્મક દ્રષ્ટિકોણ અપનાવવો, પોતાનું સામર્થ્ય જાણી તદ્દનુસાર લક્ષ્ય નક્કી કરવું, પૂર્ણ પુરુષાર્થ બાદ પ્રાપ્ત થયેલ ફળમાં સંતોષ માનવો વગેરે વિષયો ઉપર વિગતવાર ઉદાહરણ સહિત માર્ગદર્શન આપ્યું હતું. અંતિમ ૨૦ મિનિટમાં શ્રોતાઓ તરફથી આવેલ અનેક શંકાઓનું સમાધાન તેમણે અત્યન્ત કુશળતાથી કર્યું હતું.

મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ રાણાએ આગામી સમયમાં વૈદિક પરિવાર દ્વારા યોજવામાં આવનાર કાર્યક્રમો વિશે માહિતી આપી હતી. તેમણે બાળકોનાં નિર્માણ માટે નિરંતર કાર્યક્રમોનું આયોજન થતું રહે તે માટે યોજનાબદ્ધરીતે કાર્ય કરવામાં આવશે તેવી ઘોષણા કરી હતી.







સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી વિશાલ મિસ્ત્રી દ્વારા કરવામાં આવેલ. જ્યારે આભારવિધિ શ્રી બળદેવભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં શ્રી લક્ષ્મણભાઈ પટણી, શ્રી નરશીભાઈ પટેલ, શ્રી લક્ષ્મણભાઈ પારસીયા તથા શ્રી કાંતિભાઈ પટેલે, શ્રી કાંતિભાઈ સુથાર, શ્રી મનોજભાઈ પુરાણી, શ્રી જશવંતભાઈ સોલંકી, શ્રી સુરજ ત્રિપાઠી, શ્રી યોગેશ વિશ્વકર્મા, શ્રી જય રાણા સહિત અનેક કાર્યકર્તાઓનું પ્રસંશનીય યોગદાન રહ્યું હતું.

## સંતશ્રી ઓધવરામ વૈદિક ગુરુકુળના ટ્રસ્ટી મંડળની વાનપ્રસ્થ સાધક આશ્રમ તથા દર્શન યોગ મહાવિદ્યાલયની શુભેચ્છા મુલાકાત







કચ્છના અબડાસા તાલુકાના ભવાનીપુર ખાતે આવેલી સંતશ્રી ઓધવરામ વૈદિક ગુરુકુલના ટ્રસ્ટી મંડળ દ્વારા તાજેતરમાં જ વાનપ્રસ્થ સાધક આશ્રમ અને દર્શન યોગ મહાવિદ્યાલય આર્યવન રોજડની મુલાકાત લેવામાં આવી હતી. ગુરુકુલના ટ્રસ્ટી શ્રી મંગલભાઈ ભાનુશાળીના નેતૃત્વમાં આવેલા આ ટ્રસ્ટી મંડળે વાનપ્રસ્થ સાધક આશ્રમ ખાતે પૂ. સ્વામી સત્યપતિજીને મળીને તેમના આશીર્વાદ મેળવ્યા હતા. આ ઉપરાંત તેમણે આચાર્ય જ્ઞાનેશ્વરજીના આશીર્વાદ મેળવ્યા હતા. ત્યાર બાદ તેઓ દર્શન યોગ મહાવિદ્યાલય ખાતે ગયા હતા અને ત્યાં જઈને તેમણે દર્શન યોગ વિદ્યાલયની પ્રવૃત્તિઓ વિશે માહિતી મેળવી હતી દર્શન યોગ મહાવિદ્યાલય ખાતે શ્રી દિનેશભાઈ આર્યએ તેમનું સ્વાગત કર્યું હતું.

### આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટ, રોજડ દ્વારા આયોજીત

## આર્યવન- રોજડ ખાતે કિશોર ચરિત્ર નિર્માણ શિબિર યોજાઈ

રોજડ

ગત તા. ૧૮-૫-૨૦૧૪ થી ૨૫-૫-૨૦૧૪ સુધી આર્ય વન વિકાસ ફાર્મ ટ્રસ્ટ, રોજડ ખાતે દર્શન યોગ મહાવિદ્યાલય, રોજડના સક્રિય સહયોગથી કિશોર ચરિત્ર નિર્માણ શિબિરનું આયોજન કરાયું હતું. જેમાં ગુજરાત ભરમાંથી આશરે ૧૪૦ જેટલા ૧૩ થી ૨૦ વર્ષની વયના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ શિબિરમાં આણંદ જીલ્લાની મહાત્મા ગાંધી વિદ્યાલય, મોગરીના છ વિદ્યાર્થીઓને ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ તરફથી ભાગ લેવા મોકલવામાં આવ્યા હતાં. આ શિબિરાર્થીઓની શિબિર ફી, આવવા-જવા માટેનું ગાડી ભાડું તથા ભોજન-નાસ્તા વગેરેની સંપૂર્ણ વ્યવસ્થા ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ તરફથી કરવામાં આવી હતી. શિબિરમાં ભાગ લેવા માટે બાળકોને લઈને આર્યવીર દળ, આણંદના પ્રશિક્ષક શ્રી કિશનભાઈ ચાવડા ગયા હતા અને શિબિર દરમ્યાન સાથે રહ્યા હતા અને શિબિરાર્થીઓને કરાટે તથા રાયફલ શુટીંગની સઘન તાલીમ આપી હતી.

આ મહત્વપૂર્ણ શિબિરમાં બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે માટે સવારે ૪ -૩૦ થી રાત્રિના ૯ -૦૦ વાગ્યા સુધી નિયમિત સઘન તાલીમ આપવામાં આવી હતી.





આ શિબિરમાં સંધ્યા-હવન-યોગાસન-પ્રાણાયમ-શારીરિક વ્યાયામ-લાઠી-જુડો-કરાટે-રાઈફલ શુટીંગ-જીવનપયોગી પ્રેરક પ્રવચન-ભારતીય ખેલ-દેશભક્તિ વગેરેનો બાળકોને સઘન અભ્યાસ કરાવવામાં આવ્યો હતો.

કિશોર ચરિત્ર નિર્માણ શિબિરનો સમાપન કાર્યક્રમ તા. ૨૫મી મે ના રોજવાનપ્રસ્થ સાધક આશ્રમ રોજડના હોલમાં સવારે ૧૦-૦૦ થી ૧-૦૦ દરમ્યાન યોજાયો હતો. જેમાં સંસ્થા વતી વ્યવસ્થાપક પં. વિજયકુમાર આર્યએ ભાગ લીધો હતો. ગુજરાતભરમાંથી આશરે ૩૦૦ વ્યક્તિઓ આ કાર્યક્રમમાં ભાગ લઈને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. સમાપન કાર્યક્રમમાં બાળકોને પ્રમાણપત્ર, ઈનામ અને પ્રેરક વૈદિક સાહિત્ય ભેંટ આપવામાં આવ્યું હતું.

न कन्यायाः पिता विद्वांन्गृहणीयाच्छुल्कमण्वपि ।
गृहणच्छल्कं हि लोभेन स्यान्नरोऽपत्यविक्रयी ॥
मनुस्मृति ५१(३१)

બુદ્ધિમાન કન્યાના પિતાએ કન્યાના વિવાહમાં થોડું પણ મૂલ્ય કે ધન ન લેવું જોઈએ. લોભમાં આવીને જે મનુષ્ય મૂલ્ય લે તો તે મનુષ્ય સંતાનને વેચનાર જ કહેવાય છે.

## તંત્રી સ્થાનેથી....

# GOM

સામાન્ય વ્યક્તિઓ કરતાં કંઈક અલગ કરવાની ટેવવાળા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સત્તાનાં સુત્રો સુભાળ્યા પછી તરત જ સકારાત્મક નિર્ણયો લેવાની શરૂઆત કરી દીધી. વિદેશમાં રહેલા કાળા નાણાંને પરત લાવવાના મુદ્દાનો ચૂંટણીમાં ઉપયોગ કર્યા બાદ વડાપ્રધાન થતાંની સાથે જ તેમણે કાળુ નાણું પરત લાવવા સ્પેશીયલ ઈન્વેસ્ટીગેશન ટીમ (સીટ)ની રચના કરી દીધી. કાળુ નાણું પરત આવશે કે કેમ તે તો સમય જ બતાવશે. પરંતુ અત્યારે તો લોકોમાં આશાનું કિરણ જાગ્યું છે.

આવી જ રીતે ગત સરકાર પોલીસી પેરાલીસીસનો ભોગ બનેલ હોવાનો પોતાના ભાષણોમાં ઉલ્લેખ કરનાર નરેન્દ્ર મોદીએ ઝડપી નિર્ણયો માટે અસરકારક નિર્ણય લીધો છે. કોઈ પણ પોલીસી બનાવતી વખતે પોલીસી મેટરમાં અનેક વિભાગો સંકળાયેલા હોય છે. અગાઉની સરકારમાં ગૃપ ઓફ મિનીસ્ટર્સ (GOM) દ્વારા આવા નિર્ણયો લેવાતા હતા. જ્યાં સુધી આ (GOM)ની મીટીંગ ન મળે ત્યાં સુધી નિર્ણયો પડતર રહેતા હતા. આ મીટીંગ મળ્યા પછી પણ નીતિઓમાં ફેરફાર સંબંધીત વિવિધ મંત્રાલયો ધ્યારા સૂચવવામાં આવેલ સુધારાઓ બાદ ફરી જ્યારે (GOM)ની મીટીંગ મળે ત્યારે તેમાં તેની ચર્ચા થતી. પોતાના મંત્રાલય તથા રાજકીય ગતિવિધિઓમાં વ્યસ્ત રહેતા મંત્રીઓ (GOM)ની મીટીંગ માટે સમય ફાળવી શકતા નહીં જેને પરિણામે નિર્ણયો લેવામાં વિલંબ થતો હતો.

શ્રી નરેન્દ્ર મોદીએ આ બાબતને ગંભીરતાથી લીધી અને તત્કાળ (GOM)ની પદ્ધતિ રદ કરી દીધી. તેમણે રાજનેતાઓને બદલે અત્યંત પ્રતિભાશાળી સંપન્ન સચિવ કક્ષાના સનદી અધિકારીઓ ઉપર વધારે વિશ્વાસ મુક્યો છે. નીતિવિષયક નિર્ણયોમાં તથા જનહિતના કાર્યોમાં ઝડપી અને સકારાત્મક નિર્ણયો લેવા તેમણે સચિવોની મીટીંગમાં સૌને સૂચના આપી છે. હવે નીતિવિષયક નિર્ણયો લેવા માટે (GOM)ની વિલંબકારી પ્રક્રિયાનો અંત આવતાં ઝડપી નિર્ણયો લેવાશે એમાં કોઈ શંકા નથી. આશા રાખીએ કે નવનિર્વાચીત વડાપ્રધાન તેમની ટેવ મુજબ સતત પ્રજાલક્ષી નિર્ણયો લેતા રહેશે અને દેશનાં ભવિષ્યને ઉજળું બનાવશે.


ઘેર બેઠા ગુરૂકુલમાં લટાર મારો...
www.santodhavramvedicgurukul.com

# પાપીના હૃદયમાં પાપ કરવાના પ્રલોભનો અને તાત્કાલિક લાભોની ભાવના હોય છે

## વેદવાણી

-શ્રી ગંગાપ્રસાદ ઉપાધ્યાય (૨)

ओम् अग्ने नय सुपथा राये अस्मान् विश्वानि देव वयुनानी विद्वान ।
युयोध्यस्मज्जुहुराणमेनो भूयिष्ठां ते नम उक्ति विधेम ॥

(ઋગ્વેદ ૧-૧૮૯-૧, યજુર્વેદ ૫-૩૬, ૭-૪૩, ૪૦-૧૬, તૈતરીય સંહિતા ૧-૧-૧૪-૩, ૧-૪-૪૩-૧, તૈત્તિ. આરણ્યક ૧-૮-૮, શતપથ બ્રાહ્મણ ૧૪-૮-૩-૧.)

અન્વય : हे देव अग्ने, विश्वानि वयुनानि राये अस्मान् सुपथा नय, जुहुराणं एनः युयोधि । (वयं) ते भूयिष्ठां नम उक्ति विधेम ॥

અર્થ : (देव अग्ने) હે સર્વના નાયક કે પથપ્રદર્શક ભગવાન ! આપ (वश्वानि) સર્વ (वयुनानि) જ્ઞાનોનં (विद्वान) જાણકાર છો. આથી અમે (ते) આપની (भूयिष्ठाम्) ઘણી-બધી (नम उक्तिम् विधेम) સ્તુતિ કરીએ છીએ. આપ (राये) ધન-સંપત્તિને માટે (अस्मान्) અમને (सुपथा) યોગ્ય માર્ગે (नय) લઈ જાઓ. (अस्मत्) અમારામાંથી (जुहुराणम्) કુટિલ (ખોટા) (एनः) પાપોને (युयोधि) દુર કરો.

વ્યાખ્યા : આ મંત્રમાં પરમાત્માનું વિશેષ નામ અગ્નિ છે અને તેમની પાસે માર્ગ પ્રદર્શનની પ્રાર્થના કરવામાં આવી છે. લોક ભાષામાં આગને ‘અગ્નિ’ કહેવામાં આવે છે. આગથી પ્રકાશ પ્રાપ્ત થાય છે. અને પ્રકાશ માર્ગ પ્રદર્શન કરે છે. અંધારામાં ચાલી શકાતું નથી. અંધારી રાતે ગાઢ જંગલમાં રખડનાર મુસાફરને જુગનુ (આગિયા)નો પ્રકાશ પણ રાહત આપે છે અને કોઈવાર વિજળીનો ચમકારો થાય તો પણ થોડો-થોડો માર્ગ બતાવે છે.

વેદોમાં અગ્નિનું એક વિશેષણ આપવામાં આવ્યું છે विश्वानि वयुनानि विद्वान् આ અગ્નિનો એ ગુણ વ્યક્ત કરે છે જેણે કારણે આપણે ઈશ્વરનો આશ્રય ઈચ્છીએ છીએ. वयुनम् નો અર્થ प्रज्ञा + ज्ञान થાય છે. विश्वानि वयुनानि નો અર્થ થયો સમસ્ત જ્ઞાનોનો ભંડાર. સૃષ્ટિના પદાર્થ આપણે જ્ઞાન આપે છે. પરંતુ આંશિક, એકદેશી કે અધૂરૂ. આથી જ આપણે છેતરાઈએ છીએ. ઈશ્વર પૂર્ણ જ્ઞાની છે. તેમાં અજ્ઞાન સહેજ પણ નથી. તેનું માર્ગ-પ્રદર્શન સૌથી વધુ યોગ્ય છે. ઉપનિષદમાં કહ્યું છે કે ઈશ્વરના દર્શનમાત્રથી ‘छिद्यन्ते सर्वसंशया’ તમામ શંકાઓ દૂર થાય છે અને મનુષ્યનો માર્ગ સરળ થાય છે. વેદ મંત્રમાં ‘जुहुराणम्’ અર્થાત કુટિલમાર્ગને જ ‘एन’ અર્થાત પાપ બતાવ્યું છે. આડા-અવળા માર્ગ પર ચાલવાનું નામ જ પાપ છે. આનું ઉલટું છે. ‘सुपथ’ અથવા સીધો માર્ગ. સીધો માર્ગ એક જ હોય છે. બેબિન્દુઓની વચ્ચેના સૌથી ટૂંકા માર્ગને સરળ રેખા કહે છે. જે સરળ નથી તે ‘जुहुराणम्’ અર્થાત કુટિલ છે. એમ તો મનુષ્ય જીવનભર ચાલતો જ રહે છે જેમ જંગલમાં પચાસેક માર્ગ હોય છે. પરંતુ સમજણ પડતી નથી કે ક્યા માર્ગે ચાલવું જોઈએ. કદાચ વાઘે પોતાની ગુફામાં જવા માટેનો રસ્તો બનાવી દીધો હોય તો તે માર્ગ જ કહેવાય રીંછ પસાર થાય અને તેના પગલાં પડ્યા હોય તો તે પણ એક માર્ગ બને. આવી સેંકડો ભૂલભૂલામણી છે, આ બધા માર્ગ તો છે પરંતુ સુમાર્ગ નથી. આ બધા ‘जुहुराणम्’ કુટિલ અને મનુષ્યને નુકશાન પહોંચાડનાર માર્ગ છે. આવી જ રીતે મનુષ્ય બીજાનું અનુકરણ કરીને પોતાનો આદર્શ સ્થાપિત કરે છે. કોઈને જુગારમાં પાંચસો રૂપિયા પ્રાપ્ત થાય તો તે કહેશે કે પૈસા કમાવવાનો આ સરળ માર્ગ છે. જુગારીનો માર્ગ, માર્ગ તો છે પરંતુ સન્માર્ગ કે સુપથ નથી. આ માર્ગ ઉપર ચાલીને હજારો વ્યક્તિઓ જુગારી બની જાય છે. તે સ્વયં તો બરબાદ થાય છે અને સંસાર માટે ખોટું ઉદારણ મૂકી જાય છે. કોઈ લૂંટ કરીને, અત્યાચાર કરીને સુખી થવા ઈચ્છે છે. સાચો પ્રાર્થના કરનાર ઈશ્વરને પ્રાર્થના કરે છે કે ‘जुहुराणं एनः युयोधि’ આવા કુટિલ માર્ગથી મને દૂર રાખો અર્થાત મને પાપ કરવાની પ્રવૃત્તિમાંથી બચાવો જે પ્રાર્થના કરનારના મનમાં પાપમાંથી બચવાની તીવ્ર ઈચ્છા હશે તો તે પાપથી અવશ્ય બચશે. પાપ કર્મોમાં કંઈક પ્રલોભનો હોય છે, તે કર્મ ગમે તેવા હોય છે. ‘मक्खी बैठी शहद पर पंख गये लिपटाय’ મધ મીઠું હોય છે પણ માખીને એ ધ્યાન રહેતું નથી કે આ મીઠાશ તેના મોતનું કારણ બનશે પરંતુ જેણે પાપની પ્રવૃત્તિની કુટિલતા કે હિંસકતાની જાણ છે તે બાળક અગ્નિથી ડરે છે. એમ પાપથી ડરે છે. યોગદર્શન (૨-૩૪) માં પાપથી બચવાનો ઉપાય એક સુત્રમાં આપવામાં આવ્યો છે. ‘वितर्कबाधने प्रतिपक्षभावनम् ’ અર્થાત પાપની પ્રવૃત્તિથી બચવા ઈચ્છો છો તો પાપથી થનારી હાનીઓનું ચિત્ર પોતાના મનની સામે રાખો જો તમે કુટિલ માર્ગે ચાલશો તો આવું દુ:ખ પડશે અપરેજીથી બિમાર થનાર વ્યક્તિ ઘણીવાર આવનાર બિમારીથી બચવા પરેજી પાળે છે. પ્રાર્થનાનો સૌથી મોટો લાભ એ છે કે જ્યારે આપણે પાપથી બચવાને માટે ઈશ્વરને કાકલુદી કરીએ છીએ ત્યારે પાપોથી થનાર હાનિઓ આપણા મન ઉપર અંક્તિ થાય છે અને આ જ પાપોથી બચવાનો સાચો ઉપાય છે.

પરંતુ પ્રતિપક્ષ ભાવના કરવી એ સરળ કાર્ય નથી. પાપીના હૃદયમાં પાપ કરવાના પ્રલોભનો અને તાત્કાલિક લાભોની ભાવના હોય છે. પરંતુ તેના પ્રતિપક્ષ દુ:ખની ભાવના ઉત્પન્ન થતી નથી. જે વિદ્યાર્થી રમત-ગમતના કુટિલ માર્ગે ચાલે છે અને પોતાના વિદ્યાધ્યયન કર્તવ્યથી વિમુખ થાય છે તેના મનમાં પરિક્ષામાં નિષ્ફળ થવાથી થનાર દુ:ખનું પૂરેપૂરૂ ચિત્ર ઉદભવ્યું જ નથી. જેના મનમાં ભવિષ્યની નિષ્ફળતાનું ચિત્ર બરાબર દોરાય છે તે પોતાના કાર્યમાં અવશ્ય સફળ થાય છે. આ કાર્ય સાધારણ ઈચ્છા માત્રથી પુરૂ નથી થતું. સુખની ઈચ્છા બધાં જ કરે છે અને પુણ્ય પણ બધાં જ કરવા ઈચ્છે છે, પરંતુ ઈચ્છામાત્રથી ઈશ્વર કોઈને મદદ નથી કરતો. ઈચ્છા ઉત્કૃષ્ટ હોવી જોઈએ, જે સાધારણ પ્રલોભન નથી, ચલાયમાન (અસ્થિર) ન થવી જોઈએ. પ્રલોભનનું વાવાઝોડું નાના નાના વૃક્ષોને ઉખાડીને તરત જ ફેંકી દે છે. આ માટે સતત પ્રયત્નની આવશ્યકતા છે. મંત્રમાં કહ્યું છે. - ‘भुयिष्ठां ते नम उत्कि विधेम’ હે પ્રભુ - અમે વારંવાર પ્રાર્થના કરીએ છીએ. ભુયિષ્ઠ = વારંવાર શબ્દના અર્થ ઉપર વિચાર કરો. ફક્ત વારંવાર બોલવાથી કોઈ ક્રિયા વારંવાર થઈ જતી નથી. જીભથી વારંવાર શબ્દ તો ઝડપથી બોલી શકાય છે. પરંતુ વારંવાર ક્રિયા થવામાં સમય લાગે છે, પરિશ્રમ કરવો પડે છે, તપ કરવાની આવશ્યકતા હોય છે. આપણે એવું સમજીએ છીએ કે, જ્યારે આપણે વેદમંત્રમાં ભૂયિષ્ઠામ્ (વારંવાર) શબ્દનો પ્રયોગ કર્યો, તો અમારી પ્રાર્થના વારંવાર થઈ ગઈ અને ઈશ્વર પણ એ સમજશે કે હુ ભૂયિષ્ઠામ્ નમ ઉક્તિમ્ એટલે કે હું વારંવાર પ્રાર્થના કરૂં છુ અને તેનું ફળ મને આપી દેશે. આપણે ઘણીવાર ભજન ગાઈએ છીએ કે જેમાં કહેવામાં આવે છે કે પ્રભુ ! અમે આપની લાખો વાર પ્રાર્થના કરીએ છીએ. અહિં લાખોનો અર્થ ‘લાખો’ નથી થતો હજારમાં ત્રણ અક્ષર છે લાખમાં લાખમાં બે અક્ષર છે. ખરેખર પ્રાર્થના કરનાર એક નાનકડા શબ્દનો પ્રયોગ કરીને લાખોનો લાભ પ્રાપ્ત કરવા ઈચ્છે છે આ સ્વયં પોતાની જાત સાથેની છેતરપીંડી છે. દસવાર નમન કરવાનો અર્થ એક-એક કરીને દસ વખત નમન કરવાનો થાય છે. આવી રીતે લાખ નમનનો શું અર્થ થાય ? શું કોઈ લાખ વાર પ્રાર્થના કરે છે. ? જો લાખ વાર પ્રાર્થના કરતો જ નથી તો પછી તેને ફળ કેવી રીતે પ્રાપ્ત થઈ શકે ? વેદ મંત્ર આ પ્રકારની નિરર્થક પ્રાર્થનાઓને વાજબી માનતો નથી. જે કહો તેને કરો. જે વાણીમાં હોય તે જ મનમાં લાવો. જો પ્રાર્થના કરનાર ગંભીરતાથી આવી પ્રાર્થના કરશે તો તેનું જીવન અવશ્ય પવિત્ર બનશે.

**સન્માર્ગ પર ચાલવાની ઈચ્છા હોય, સન્માર્ગ શોધવાની ઈચ્છા હોય અને ઈચ્છા પણ તીવ, ઉત્કષ્ટ અને અમિટ (અટલ) હોય તો અગ્નિદેવ તેનું માર્ગદર્શન અવશ્ય કરશે.**

વેદ મંત્રમાં ‘સુપથ’ અર્થાત્ સારા માર્ગની માંગણી કરવામાં આવી છે. ઈશ્વર અમારા માર્ગ-પ્રદર્શક છે. માર્ગ-પ્રદર્શક એનું જ થાય જે ખરેખર મુસાફર હોય. જે મુસાફર જ નથી તેને માટે માર્ગ-પ્રદર્શક વ્યક્તિ, માર્ગ-પ્રદર્શન કરતાં નકશા અને પુસ્તકો નિરર્થક છે. જો હું કલકત્તા જવા જ નથી ઈચ્છતો તો મારે માટે રેલ્વેનું ટાઈમ ટેબલ કે રેલ્વે સ્ટેશનની પૂછતાછ કચેરીનું શું પ્રયોજન ? આવી જ રીતે વૈદિક પ્રાર્થનાઓ ધર્મયાત્રાના યાત્રી માટે છે. જે આ માર્ગ પર આગળ વધવા જ માગતા નથી તેને માટે આ પ્રાર્થનાઓ બેકાર છે. માર્ગની શોધ એ જ કરે છે જેને માર્ગ પર આગળ વધવું છે. મોટે ભાગે દરેક ધર્મ મંદિરમાં પ્રાર્થનાઓ સતત થતી રહે છે. મહાન કવિઓ પોતાના મનોહર કાવ્યની રચના કરીને પ્રાર્થના કરનારના હાથમાં આપે છે અને પ્રાર્થના કરનાર આ કવિતાઓના પદોને શ્રદ્ધાપૂર્વક ગાય છે આનું નામ પ્રાર્થના છે. પરંતુ આ પ્રાર્થના કરનારાઓમાં એક પણ ધર્મ-માર્ગ ઉપર ચાલનાર નથી હોતો, પરમાત્મા આવી પ્રાર્થના કરનારને સુપથા એટલે કે સારા માર્ગ ઉપર કેવી રીતે લઈ જઈ શકે ? સન્માર્ગ પર ચાલવાની ઈચ્છા હોય, સન્માર્ગ શોધવાની ઈચ્છા હોય અને ઈચ્છા પણ તીવ્ર, ઉતકષ્ટ અને અમિટ (અટલ) હોય તો અગ્નિદેવ તેનું માર્ગ-દર્શન અવશ્ય કરશે. **(સંપૂર્ણ)**

# ચિકિત્સામાં વૈદ્યનું કર્તવ્ય

દૈનિક વ્યવહારમાં ચિકિત્સક પાસે દર્દી આવે ત્યારે ચિકિત્સા પ્રારંભ કરતાં પહેલાં ત્રણ રીતે વિચાર કરવાનો હોય છે.

પ્રથમ વિચાર એ બાબતનો કરવો કે આ દર્દીને કઈ જાતની તકલીફ અથવા વેદના છે ? તેનું કષ્ટ થવાનું કારણ શું હોઈ શકે ?

બીજો વિચાર રોગીના કષ્ટનો ઉપાય અથવા નિવારણ કરવા વિષે હોવો જાઈએ આ રોગીનો પ્રતિકાર અથાવ ચિકિત્સા માટે શું કરવું જોઈએ ?

ત્રીજો વિચાર એ બાબતમાં કરવાનો રહે કે મારા પ્રયત્નોનું ફળ અથવા પરિણામ શું આવી શકે ? રોગ મટશે કે નહિ ? સારવાર લાગુ પડશે કે નહિ ?

દરદી અને ચિકિત્સકની મુલાકાત વખતે આવા પ્રશ્નો દરેક ચિકિત્સા ક્ષેત્રમાં જોવા મળે છે. આ વિષયને શાસ્ત્રીય ભાષામાં કહેવામાં આવે તો ચિકીત્સકનું કર્તવ્ય બતાવવામાં આવ્યું છે કે, વ્યાધીનું તત્વ (સાચું સ્વરૂપ) જાણવું, વેદનાને નાબૂદ કરવી તથા સાધ્યતા-અસાધ્યતા વિશે વિચારવું એ ખૂબ જ મહત્વનું કાર્ય છે.

રોગી અને રોગની પરીક્ષા તથા તેનું વ્યવસ્થિત અધ્યયન “ચિકિત્સાનો પાયો” છે. તેથી સફળતા ઈચ્છતા વૈદ્યે રોગનું સઘળી બાજુએથી સમ્યક (ઠીક ઠીક)જ્ઞાન મેળવી તેના વિવિધ પાસાઓનું અનુશીલન કરવું. જે ‘રોગવિનિશ્ચય’ પ્રક્રિયા કહેવાય છે. નિદાન માટે માધવનિદાન પુસ્તક છે તે રોગવિનિશ્ચય નામનો જ ગ્રંથ છે.

**રોગીના વહેમ, બીક અને અજ્ઞાનને નાબૂદ કરવા માટે તેને રોગ વિશે સાચી સમજણ જરૂર મુજબ આપનાર ચિકિત્સક રોગીનો મિત્ર અને હિતચિંતક બને છે.**

જ્યારે રોગીનું પ્રાથમિક નિદાન અથવા સંભવિત રોગ વિશે ઓછો ખ્યાલ આવે ત્યારે પહેલું અને ખૂબ જરૂરી પગલું અનુભવી ચિકીત્સકો દર્શાવે છે કે મુખ્ય તકલીફને જેમ બને તેમ વહેલા કાબૂમાં લેવાનો તાત્કાલિક પ્રયત્ન કરવો. વેદનાનિગ્રહ અર્થાત્ કષ્ટમાં રાહત આપવી તે ચિકિત્સકનું કર્તવ્ય છે. સાથે સાથે એ યાદ રાખવાનું કે દર્દીના બંધારણના ભોગે ફક્ત લક્ષણોને નાબુદ કરવાં એ ભયંકર ભૂલ છે.

રોગ અને તેની અવસ્થા વિશે બરાબર અધ્યયન કરીને ચિકિત્સકે સાધ્યાસાધ્યતા વિષે અથવા રોગની ગંભીરતા અને તેના પરીણામ વિશે અંદાજ (ધારણા) કરીને દર્દીના સગાંસંબંધી, મિત્રોને સ્વજનોને પરિસ્થિતિ સમજાવવી જોઈએ તથા ક્યા ઉપચારથી દર્દીને લાભ થઈ શકશે તેનું યોગ્ય માર્ગદર્શન આપવું ખૂબ જરૂરી ગણાય છે.

રોગીના વહેમ, બીક અને અજ્ઞાનને નાબૂદ કરવા માટે તેને રોગ વિશે સાચી સમજણ જરૂર મુજબ આપનાર ચિકીત્સક રોગીનો મિત્ર અને હિતચિંતક બને છે.

રોગી અને તેના પરિવારના સભ્યો સાથે સાચો સંબંધ ત્યારે જ દ્રઢ થાય જ્યારે તેઓમાં ચિકિત્સક પ્રત્યે શ્રદ્ધા અને મમતા પ્રગટે, તે મેળવવી એ કળા છે.

રોગી અને ચિકિત્સકનો સહૃદયપૂર્વક બંધાયેલો ગાઢ સંબંધ શ્રદ્ધા અને અત્મિયતાના પાયા પર ટકે છે. ચિકિત્સક પોતાના જ્ઞાન, આવડત, કૌશલ્યથી તેમાં સફળ થઈ શકે તે માટે તેને બહોળા અનુભવની જરૂર હોય છે.

રોગનું અધ્યયન શાસ્ત્ર દ્વારા સંપન્ન જ્ઞાન એ વિજ્ઞાન છે. રોગીની મૈત્રી કેળવવી, તેની સેવા ચાકરી કરવી તેને યોગ્ય પરિચર્યાથી આરામ આપવો તે “કળા” છે.

ચિકિત્સા કાર્યમાં ઔષધ ઉપરાંત પરિચર્યાનું પણ વિશિષ્ટ સ્થાન છે. રોગી અને ચિકિત્સક વચ્ચે આત્મીયતા કેવી રીતે પ્રાપ્ત થાય ? આ પ્રશ્ન અંગે અનુભવી, કુળશ ચિકિત્સકોનો સ્પષ્ટ મત છે કે સૌથી પ્રથમ દર્દીને પોતાની આપવીતી - રામકહાણી પૂરેપૂરી તેના જ શબ્દોમાં કહેવા દો. અને તેનું મનન કરતા જાઓ. જરૂર પડ્યે પ્રશ્ન કે જીજ્ઞાસા વડે તેના વૃત્તાન્તમાં ઊંડો રસ દર્શાવો.

રોગીને સહારાની આશ્વાસનની અને માર્ગદર્શનની જે જે અપેક્ષા હોય તે તમે આપવા સમર્થ છો, લાગણીવાળા છો તેવો વિશ્વાસ ક્રમશ: પેદા થાય તો જ રોગી નિ:સંકોચ હકિકત રજુ કરશે. એક સારા મિત્ર, આદર્શ માર્ગદર્શન અને હિતેચ્છુ બનનાર ચિકિત્સક રોગીના અંતરના ઉંડાણને સ્પર્શ કરી શકે છે, અને રોગીને પીછાની શકે છે.

ચિકિત્સક પાસે કેટલાક નબળા મનના, વિષાદગ્રસ્ત, નાસીપાસ થયેલા, ચિંતા, ઉદ્વેગ, શોક અને વહેમથી પીડાતા દર્દીઓ શારીરિક તેમજ માનસિક વિકૃતિઓના ઉપાય માટે આવે છે. કેટલાક દર્દીઓ અકલ્પ્ય મુંઝવણમાં પોતાની તકલીફોનું સ્પષ્ટ વર્ણન પણ કરી શકતા નથી. તેના સગાવહાલા તેમજ મિત્રવર્ગને પણ તેની પરિસ્થિતિ તરફ દયા અને બેચેની હોય છે. આવા પ્રસંગે ચિકિત્સકે દર્દી અને તેના સંબંધીઓના વિશ્વાસુ માર્ગદર્શક બનીને હિંમત આપવી જોઈએ. ધર્મ, નીતિ, ઉપદેશ અને શિષ્ટ વાંચન તરફ તેમનું વલણ વધે તેવો કોઈ ઉપાય યોજવો જોઈએ.

આથી વીપરીત કોઈકવાર વહેમ તેમજ દંભથી ખોટાં બહાના દર્શાવીને ચિકિત્સકના સંપર્કમાં આવનાર દર્દીઓ પણ હોય છે. તેમને સાચી દોરવણી આપીને મનોબળ મજબુત થાય તે માટે સારી ટેવ અને સત્સંગની સલાહ આપવી તે સાચા ચિકિત્સકની પવિત્ર ફરજ છે ઔષધ ચિકિત્સા કરતાં મન ઉપરનો વિવેકબુદ્ધીપૂર્વક નિગ્રહ-અંકુશ એ માનસદુષ્ટીની ઉત્તમ ચિકિત્સા છે.

રોગીની માનસ પરીક્ષા એ આયુર્વેદિક પદ્ધતિથી નિદાન માટેનું અગત્યનું ક્ષેત્ર છે. “રોગના અધિષ્ઠાન શરીર અને મન ઉપર અને મનનો વિકાર શરીર ઉપર અચુક અસર દાખવે છે. તેથી રોગીપરીક્ષામાં રોગીના મન, બુદ્ધિ, સ્મૃતિ, ધીરજ વગેરે વિશે ખાસ વિચાર કરો.”


રોગીના અંતરમાં પ્રવેશ જે ચિકિત્સક વિચારશીલ, મૃદુભાષી, સહૃદયી અને શીલવાન હોય છે તે પોતાના વિશિષ્ટ વ્યક્તિત્વથી રોગીના મનની હૃદયની અકળ વાતો પણ જાણી શકે છે.

રોગીનો વિશ્વાસ સંપાદન કરનાર ચિકિત્સક સહૃદયતા અને મૈત્રીની બળે રોગીને વશ કરી લે છે. રોગી બધું જ ચિકિત્સકને સમર્પિત કરવા તત્પર બને છે. અર્જુનના શબ્દોમાં કહીએ તો હું તમારું વચન (અજ્ઞા) અક્ષરશ: પાળીશ. દલીલ કે શંકા વગર તે વૈદ્યના વશમાં (આધીન) થાય છે.

**રોગી અને રોગની પરીક્ષા તથા તેનું વ્યવસ્થિત અધ્યયન “ચિકિત્સાનો પાયો” છે. તેથી સફળતા ઈચ્છતા વૈદ્યે રોગનું સઘળી બાજુએથી સમ્યક (ઠીક ઠીક)જ્ઞાન મેળવી તેના વિવિધ પાસાઓનું અનુશીલન કરવું. જે ‘રોગવિનિશ્ચય’ પ્રક્રિયા કહેવાય છે.**

રોગીના નજીકના સંપર્કમાં જનાર ચિકિત્સક બારીકાઈથી તેના શરીર અને મનના ઘડતરનો વિચાર કરીને તેની આહાર-વિહારની આદતો, રહેણીકરણીનો પ્રભાવ, વ્યવસાય અને વિશ્રામનો પ્રકાર, નિદ્રા અને પ્રવૃત્તિનું પ્રમાણ, મિત્રો અને સંબંધીઓ સાથે તેનો વ્યવહાર વગેરે સૂક્ષ્મ બાબતો વિશે જેટલું વધું જાણી શકે તેટલો સફળ ચિકિત્સક બની શકે છે.

રોગીની જીજ્ઞાસાવૃત્તિ, તેની કલ્પિત માન્યતાઓ વગેરેનો નીખાલસ ભાષામાં વિચાર-વિનિમય (મંત્રણા) કરનાર અંતરયામી વૈદ્ય નારાયણનાં પ્રતીક તરીકે આદરપાત્ર સ્થાન મેલવી લે છે. રુગ્ણના હૃદયમાં, કુટુંબીઓના મસ્તિષ્કમાં અને સમાજના વિવિધ ક્ષેત્રમાં પણ તે સુકીર્તી મેળવે છે.



દરેક આર્યસમાજોમાં ઉપલબ્ધ

# પિતાના મૃત્યુ પછીની ક્રિયાઓ માટે તથા થોડા દિવસ કુટુંબ સાથે ગાળવા માટે પણ સરકારે આકરી શરતો મૂકી



**ભારતની સ્વતંત્રતાના વીર નાયક**

**સુભાષચંદ્ર બોઝ**

**-ચૈતન્ય દેસાઈ (૧૦)**

આ બંને નેતાઓએ ભારતની આઝાદી અંગે પરદેશમાં મત ઉભો કરવા માટે કામ કરવાનું નક્કી કર્યું. મે ૧૯૩૩માં સુભાષે બર્લિન, રોમ, પ્રાગ, ઈસ્તંબુલ, બેલગ્રેડ, બુખારેસ્ટ વગેરેની મુલાકાત લીધી અને મુસોલિની ડૉ. બિન્સ, ડી. વલેરા, રોમાં રોલાં રિબેન ટ્રોપ જેવી અગ્રણી વ્યક્તિઓનો સંપર્ક કર્યો. તેમણે સામાન્ય જનતાના હિત માટે બનાવેલાં સંવિધાનોન અભ્યાસ કર્યો. આ બધા પરથી તેઓ એવા તારણ પર આવ્યા કે ભારતમાં રાષ્ટ્રીય જાગૃતિની ઘણી ઉણપ છે. તે લાવવા માટે દેશના યુવાન વર્ગને સક્ષમ કરવો પડશે. યુવાન વર્ગના સાથ સિવાય કોઈ પણ આંદોલન સફળ થઈ શકે નહિં.

સુભાષે રોમા રોલાં સાથે મુલાકાત લીધી. પોતાના દેશની સ્થિતિ વિસ્તારથી તેની સામે રજૂ કરી અને ભારતમાંથી અંગ્રેજી શાસન સમાપ્ત કરવામાં કઈ રીત અપનાવવી તે જણાવવા કહ્યું. રોમા રોલાં ગાંધીજી અને તેમના અહિંસાત્મક આંદોલનના પ્રબળ સમર્થક હતાં. તેમણે ભારતમાં ચાલી રહેલા વિશિષ્ટ માનવતાવાદી આંદોલનની પ્રશંસા કરી અને એવો મત વ્યક્ત કર્યો કે અહિંસાત્મક આંદોલન ખેડૂતો અને મજૂરોનો સાથ લઈ કરવું જોઈએ અને આઝાદી મેળવવાનો ઉદ્દેશ સામાન્ય જનતાના હિતનો હોવો જોઈએ.

ડિસેમ્બર ૧૯૩૩ માં સુભાષ મુસોલિનીને મળ્યા. મુસોલિનીએ સુભાષને પૂછ્યું. " તમારો વિશ્વાસ સુધારાવાદમાં છે કે ક્રાંતિમાં ? " સુભાષે સ્પષ્ટ ઉત્તર આપ્યો. " ક્રાંતિમાં !"

આ ઉત્તર સાંભળીને મુસોલિની હસ્યા અને બોલ્યા, " ત્યારે તો ભારતની આઝાદી પાકી જ છે."

યુરોપીયન દેશોનાં રાજકીય વર્તુળો ઉપરાંત અનેક ક્ષેત્રના બૌદ્ધિકો સાથે તેમણે સંબંધો સ્થાપ્યા અને વિકસાવ્યા. ભારતની સંસ્કૃતિ, ઈતિહાસ અને સ્વાતંત્ર્ય ચળવળ વિશે વ્યાખ્યાનો આપ્યા અને તેઓનો નૈતિક ટેકો મેળવવા પ્રયાસો કર્યા. વિયેનામાં ઓસ્ટ્રિયા-ઈન્ડિયા સોસાયટીની સ્થાપના કરી.

૨૨ ઓક્ટોબર ૧૯૩૩નો દિવસ !

" તને લાંબા સમય સુધી છાંયો આપી શકું એટલી મજબૂત મારી જીવાદોરી વિધાએ રાખી નથી. કમનસીબ ! બટ માય સન! તારા આપબળે તું તેજથી ઝળકતો રહેજે " .... અને વિઠ્ઠલભાઈ પટેલની ગરદન ઢળી પડી. પટેલનું અવસાન થયું. છેલ્લી ઘડી સુધી સુભાષબાબુ એમની સારવારમાં રહ્યા. શ્રી વિઠ્ઠલભાઈએ મૃત્યુ પહેલાં તેમની સંપત્તિનું વીલ બનાવ્યું તેમાં સુભાષબાબુને ટ્રસ્ટી નીમ્યા. તેમના પર મૂકાયેલા આવા વિશ્વાસથી તેઓ ગદ્ગદિત થઈ ગયા...

સુભાષબાબુના પિતા જાનકીનાથ બોઝની ગંભીર માંદગીના સમાચાર આવ્યા. તેઓ ૧૯૩૪ની ચોથી ડિસેમ્બરે હવાઈ માર્ગે ભારત આવ્યા, પરંતુ તેમના આગમન પૂર્વે જ તેમના પિતાનો દેહાંત થઈ ચૂક્યો હતો. સુભાષબાબુ અંતિમ ઘડીએ તેમને મળી શક્યા નહીં. પિતાના મૃત્યુ પછીની ક્રિયાઓ માટે તથા થોડા દિવસ કુટુંબ સાથે ગાળવા માટે પણ સરકારે આકરી શરતો મૂકી. સુભાષ થોડા દિવસ રોકાઈને ૧૯૩૫ના જાન્યુઆરીના પ્રારંભમાં ફરી વિદેશ જવા ઉપડ્યા ત્યારે તેમની તબિયત સંપૂર્ણ સારી નહોતી.

૧૯૩૫માં તેમનું પુસ્તક " ઈન્ડિયન સ્ટ્રગલ" લંડનમાં પ્રકાશિત થયું. જે લંડનના વીઝહર્ટ નામની પ્રકાશન સંસ્થાએ તેમને લખવાનો આગ્રહ કર્યો હતો. એ માટે અગાઉથી તેમને પુરસ્કારનો એક ચેક મોકલી આપ્યો હતો. આ ગ્રંથને તૈયાર કરવામાં સુભાષને તેના અંગત સચિવની પુત્રી અને સુભાષની પ્રેયસી એમિલી શૈકિલે ઘણો સહયોગ આપયો. બ્રિટિશ સરકારે ભારતમાં એ પુસ્તકના પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો. પરંતુ બ્રિટનનાં અગ્રણી સમાચારપત્રોએ એની સારી નોંધ લીધી, અને યુરોપના રાજકીય અને સાહિત્યિક વર્તુળોમાં એ પુસ્તકને ઉષ્માભર્યો આવકાર મળ્યો. વેલેરાએ અને રોમાં શૈલાંએ પત્ર લખી પુસ્તકને વધાવી લીધું. ૧૯૩૫ના વર્ષમાં જ પિત્તાશયના અકે જોખમી ઓપરેશનમાંથી પણ તેમને પસાર થવું પડયું.

૧૯૩૩-૩૬નાં ચાર વર્ષો દરમ્યાન સુભાષબાબુએ યુરોપના ક્રાંતિકારી આંદોલનનો ઉંડો અભ્યાસ કર્યો. તુર્કીના મુસ્તફા કમાલ પાશાએ જે રીતે તેના દેશની કાયાપલટ કરી હતી તે પણ સુભાષબાબુને પ્રભાવક લાગી હતી. તેમણે આ દેશોના અનુભવો અને ઘટનાઓનો અભ્યાસ કરી ભારતની આઝાદીની લડત સિદ્ધ કરવા માટેના નકશાઓ પોતાના માનસમાં ચીતરવા માંડ્યા હતા. સુભાષબાબુને એક પક્ષની લશ્કરી શિસ્તવાળી મજબૂત સરકાર અને તેના દ્વારા રાષ્ટ્રીય ઉત્થાન અને ઉન્નતિ સાધવાની દિશા આઝાદી બાદના પ્રારંભિક કાળમાં ભારત માટે જરૂરી જણાતી હતી. તેથી ગાંધીવાદ, વાટાઘાટો કે બંધારણવાદ તરફ તેમને શ્રદ્ધા રહી ન હતી.

(ક્રમશઃ)

# सुमित्रिया न आपऽओषधयः सन्तु दुर्मित्रियास्तस्मै सन्तु। योऽस्मान् द्वेष्टि यं च वयं द्विष्मः।।

(यजु.अ.३५/मं.१२)

**ऋषि દયાનંદ વેદ-પદાર્થ, ભાવાર્થ, વ્યાખ્યાન પ્રદિપ**

**૩૭** સંકલન : સ્વામી ધ્રુવદેવજી પરિવ્રાજક
ઉપાધ્યાય, દર્શન યોગ મહાવિદ્યાલય, રોજડ

**व्याख्यान** – हे सर्वमित्र सम्पादक ! हे परमवैद्येश्वर ! आप की कृपा से (**आपः**) प्राण, जल तथा विद्यादि पदार्थ तथा (**ओषधयः**) सोमलता, यवादि सब ओषधि (**नः**) हम लोगों के लिये (**सुमित्रियाः सन्तु**) सदा श्रेष्ठ मित्र के समान सुखप्रद रोगनाशक हों तथा अच्छी प्रकार से हमें विज्ञात हों। कभी प्रतिकूल न हों (**योऽस्मान् द्वेष्टि.**) जो शत्रु अधर्मी पक्षपाती या कामक्रोधादि व रोग हम धर्मात्माओं से द्वेष अप्रीति करता है या हमको अप्रसन्न करता है (**यं च वयं द्विष्मः**) तथा जिस अध ार्मिक दुष्ट प्रमादी से हम धर्मात्मा द्वेष करते हैं[क], हे न्यायकारिन् ! उसके लिए ''दुर्मित्रिया'' पूर्वोक्त प्राणादि प्रतिकूल शत्रु के समान दुःखकारक ही हों अर्थात् जो अधर्म करे उसको आपके रचे जगत् के पदार्थ दुःखदायक ही हों जिससे वह अधर्म न करे और हम (धर्मात्माओं) को दुःख न दे सके। हम लोग सदा सुखी ही रहें। (आर्याभिविनय + ऋ.भा.भू. + ऋ.दया. कृत यजुर्वेदभाष्य)

**भावार्थ (१)** – जो राग-द्वेषादि दोषों को छोड़कर सबमें अपने आत्मा के तुल्य वर्ताव करते हैं उन धर्मात्माओं के लिये सब जल औषधि आदि पदार्थ सुखकारी होते हैं और जो स्वार्थ में प्रीति तथा दूसरे से द्वेष करने वाले हैं उन अधर्मियों के लिए ये सब उक्त पदार्थ दुःखदायी होते हैं। मनुष्यों को चाहिए कि धर्मात्माओं के साथ प्रीति और दुष्टों के साथ निरन्तर अप्रीति करें परन्तु उन दुष्टों का भी चित्त से सदा कल्याण ही चाहें।[ख] (ऋ. दया. कृत यजुर्वेदभाष्य अ.३५/मं.१२)

**भावार्थ (२)** – इस मन्त्र में वाचकलुप्तोपमालंकार है। जो मनुष्य दूसरों के सुपथ्य, औषधि और प्राण के तुल्य रोग दूर करते हैं वे धन्यवाद के योग्य हैं। और जो कुपथ्य, दुष्ट औषधि और मृत्यु के समान औरों को दुःख देतें हैं उनको बार-बार धिक्कार है ।

(ऋ.दया. कृत यजुर्वेदभाष्य अ.३८/मं.२३)

**भावार्थ (३)** – जैसे अनुकूलता से जीते हुए इन्द्रिय[ग] मित्र के तुल्य हितकारी होते हैं, वैसे जलादि पदार्थ भी देश काल के अनुकूल यथोचित सेवन किए हितकारी और विरुद्ध सेवन किए शत्रु के तुल्य दुःखदायी होते हैं।

(ऋ.दया. कृत यजुर्वेदभाष्य अ.३६/मं.२३)

**टिप्पणी** –(क) – 'धर्मात्मा होना व द्वेष करना' यह परस्पर विरुद्ध है। धर्मात्मा द्वेष नहीं करता। इसलिये यहाँ द्वेष करने से तात्पर्य है जिसको हम अच्छा व्यक्ति नहीं समझते।

(ख) – अर्थात् दुष्टों के साथ अप्रियाचरण करते हुए भी चित्त से उनका कल्याण ही चाहें जैसे गुरु कल्याण की भावना से या हित की दृष्टि से शिष्य की ताड़ना करता है ।

(ग) – इन्द्रियों को जीत लेना अर्थात् वश में कर लेना ।

(घ) ईश्वर परमवैद्य हैं। ओषधियों के गुणों के विषय में, रोग व उनको दूर करने के उपायों के विषय में जैसा ज्ञान-विज्ञान ईश्वर के पास है वैसा अन्य किसी मनुष्य वैद्य में नहीं है। ईश्वर सभी पशु, पक्षी, कीट, पतंग, वृक्ष के रोगों को व उनके दूर करने के उपायों को, ओषधियों को जानते हैं। यजुर्वेद में कहा है –

**भेषजमसि भेषजं गवेऽश्वाय पुरुषाय भेषजम्। सुखम्मेषाय मेष्यै।।**

(यजु. ३/५६)

अर्थात् हे जगदीश्वर ! जो आप (**भेषजम्**) शरीर के सब रोगों को दूर करने वाले होने से औषध (**असि**) हैं आत्मा के रोगों को दूर करने से (भेषजम्) औषधि हैं इस प्रकार सबके दुःख दूर करने से औषध हैं वह आप (**नः**) हम लोगों के (**गवे**) गौ (**अश्वाय**) घोड़ा (**पुरुषाय**) सब मनुष्यों (**मेषाय**) मेढ़ा और (**मेष्यै**) भेड़ आदि के लिये (**सुखम्**) उत्तम-उत्तम सुखों को अच्छी प्रकार दीजिये। (ऋ.दया. कृत यजु.भाष्य)

(ङ) ईश्वर के गुण व उसके रचे पदार्थ जगत् की रक्षा करने वाले हैं तथा पापियों को बाण के समान पीड़ा देने वाले हैं।

(ક્રમશઃ)

**દર્શનયોગ મહાવિદ્યાલય**

**વાર્ષિક પ્રગતિ વિવરણ**

**ભાગ - ૧**

मंगलाचरण – जगन्नियता मंगलमय भगवान् सर्वभूतान्तर्यामी की असीम अनुकम्पा से उसकी ही सहजकृपा में पलपल आनन्दित साधना-स्वाध्याय-प्रेमी, अध्यात्मपथानुगामी, सुहृद्, महानुभावों के समक्ष दर्शन योग महाविद्यालय का विक्रम संवत् २०७० का वार्षिक प्रगति विवरण प्रस्तुत किया जा रहा है। आशा है इसे जानकर आप सभी को सुखद अनुभूति होगी !

उत्सव – चैत्र शुक्ला प्रतिपदा विक्रम संवत् २०७१ तदानुसार ३१ मार्च २०१४ को आर्यवन विकास क्षेत्र न्यास का वार्षिकोत्सव सुंदर ढंग से सम्पन्न हो गया। यद्यपि आर्यवन की स्थापना १९८१ ई.सन. में हो चुकी थी किन्तु वार्षिकोत्सव तो दर्शन योग महाविद्यालय के स्थापना काल (१९८६ ई.सन.) से मनाना आरम्भ हुआ है। अतः दर्शन योग महाविद्यालय का भी यह अठ्ठाइसवां वार्षिकोत्सव साथ में सम्पन्न हो गया। इसी के साथ विद्यालय अब तक की विविध सफलताओं के साथ अपने अठ्ठाइसवे वर्ष को पार कर उनतीसवें वर्ष में प्रवेश कर गया। उत्सव में पूज्य स्वामी सत्यपति जी महाराज का प्रेरक तथा ओजस्वी उपदेश हुआ। साथ में यथाकाल अन्य अनेक विद्वानों के भी प्रवचन हुए संस्था के कार्यो का अभिज्ञापन, दिवंगत न्यासी संस्थापक प्रधान श्री धनजीभाई वेलाणी तथा न्यासी श्री मोहनभाई जी. वेलाणी के प्रति श्रद्धा-समर्पण एवं उनके परिवार जनों का सम्मान, स्मृतिपत्र वितरण आदि अनेकविध कार्यक्रम शान्तिमय, सुचारु रुप से एवं पूरे उल्लास के साथ संपन्न हुए।

अधिकारी – अब विद्यालय से सम्बद्ध गतिविधि का वर्णन प्रस्तुत है। आपको विदित हो कि चैत्र शुक्ला प्रतिपदा विक्रम संवत् २०६८ तदनुसार ४ अप्रेल २०११ से हुए व्यवस्था परिवर्तन के अनुसार अब विद्यालय को निदेशक के रुप में श्री स्वामी विवेकानन्द जी संचालित कर रहे है और विद्यालय अपने गौरवपूर्ण अतीत को सुरक्षित रखते हुए सतत प्रगतिशील हो रहा है। इनके साथ आचार्य के रुप में सुमेरु प्रसाद जी दर्शनाचार्य है आपने अपनी डेढ वर्ष की मौन साधना सम्पन्न करके १२ जनवरी २०१४ को गुरुदेव पूज्य स्वामी सत्यपति जी महाराज से सन्यास की दीक्षा ग्रहण की है और अब आपका नाम स्वामी ब्रह्मविदानन्द सरस्वती हो चुका है। इनके साथ महाविद्यालय के स्नातको में से सन्यास दीक्षा ग्रहण करने वालों की संख्या तेरह हो गई । ज्ञानविज्ञान, वैराग्य से सम्पन्न युवा सन्यासियों का होना आर्य जगत् की यह एक विशेष उपलब्दि है। इससे आर्य जगत् में सन्यास परम्परा की सुरक्षा व वृद्धि हुई है। अतः महाविद्यालय अपने आपको गौरवान्वित अनुभव कर रहा है।

आगे उपाचार्य के रुप में स्वामी ध्रुवदेव जी व अध्यापक के रुप में ब्र. ईश्वरानन्द जी स्थायी रुप से कार्यशील है।प्रबन्धक के रुप में मै (ब्र. दिनेश कुमार ) विद्यालय की सेवा कर रहा हूं तथा ब्र. प्रियेश जी भी अपने अध्ययन-अध्यापन सहित व्यवस्था में पूर्णतः सहयोग कर रहे है। अभी वे भी मार्च-अप्रेल इन दो महीनों के लिए साधना, स्वाध्याय हेतु आर्यवन से अन्यत्र गए थे और कुछ विशेष उपलब्धि के साथ अब वापस आ गए हैं। यहां आकर भी उनका अनुष्ठान पूर्ववत् चल रहा है।

वैधता – आर्थिक सुव्यवस्था, प्रमाणिकता, सुरक्षा व राजकीय वैधता की दृष्टि से विद्यालय अब दर्शन योग धर्मार्थ न्यास (पंजीकृत) के अन्तर्गत संचालित किया जा रहा है तथा सर्वकार की और से इस न्यास को आयकर मुक्ति का स्थायी प्रमाण पत्र भी उपलब्ध हो गया है। विदेशी सहयोग ग्रहण का पंजीकृत अधिकार भी मिल गया है ।

कार्य – आप सबको विदित है कि विगत अठ्ठाइस वर्षो से विद्यालय के द्वारा छोटे-बडे अन्य अनेक कार्य सम्पन्न हुए जिनमें सबसे उत्तम व लोकोपकारी कार्य विद्वानों का निर्माण रहा। वर्तमान में ईश्वर की महती कृपा, पू. गुरुदेव स्वामी सत्यपति जी के शुभाशीर्वाद व उनकी लोक में प्रतिष्ठा के प्रभाव, अन्यान्य आचार्यो, विद्वानों, विद्यालय के स्नातकों, ब्रह्मचारियों, आर्यवन विकास के सहृदय न्यासीयों तथा आप सदृश सुहृत् सहयोगियों के तन-मन-धन रूप सहयोग से यह पुनीत कार्य अभी भी अनवरत संचालित हो रहा है।

पठन-पाठन – विद्यालय में अभी पठन-पाठन का कार्य मुख्य रूप से चल रहा है। जिसमें विद्यार्थियों की संख्या ग्यारह है। इनमें मारीशय के अे भद्र सुशील, जिज्ञासु, सज्जन श्री ब्रह्मदेव जी संलग्न है। निदेशक स्वामी विवेकाननद जी सतत मार्गदर्शन करते रहते है तथा प्रतिमास विद्यालय में पधारकर वेद प्रवचन व शंका-समाधान आदि की कक्षाएं लेते रहते है। इनके अतिरिक्त स्वामी आशुतोष जी परिव्राजकका अध्यापन आदि सहयोग भी विद्यालय को प्राप्त होता रहता है। इस प्रकार समस्त कुलवासी प्रसन् वसन्तुष्ट होकर अध्ययन व साधना में संलग्न है। दैनिक यज्ञ, वेद स्वाध्याय, क्रियात्मक योगाभ्यास, दर्शन अध्ययन, आत्मनिरीक्षण आदि की कक्षाएं निरन्तर चल रही है। वर्तमान अष्टम सत्र में योग, सांख्य वैशेषिक और न्याय ईन चार दर्शनों का अध्यापन, लिखित परीक्षा सहित सम्पन्न होने जा रहा है और वेदान्त दर्शन तथा उपनिषद् का पाठ चल रहा है। उपनिषद् में ईश आदि आठ उपनिषदों का एक बार अध्यापन हो चुका है , शेष का पाठ चल रहा है। (ક્રમશઃ)

## વિચાર ટેલિવીઝન નેટવર્ક દ્વારા

# આસ્થા અને આસ્થા ભજન ચેનલ પર વૈદિક કાર્યક્રમોનું પ્રસારણ

મુંબઈ

જેમ કે દરેક આર્ય બંધુઓ જાણે છે કે વિચાર ટીવી દ્વારા નિર્મિત વૈદિક કાર્યક્રમોને છેલ્લા દોઢેક વર્ષ કરતાં પણ વધારે સમયથી અઠવાડિયામાં એક વાર આસ્થા ચેનલ પર પ્રત્યેક શનિવારે રાત્રે ૯:૩૦ કલાકે તથા છેલ્લા દસ મહિનાથી આસ્થા ભજન ઉપર દરરોજ રાત્રે ૮:૦૦ કલાકે પ્રસારણ કરવામાં આવી રહ્યું છે.

આ જ શ્રુખલામાં હવે વિચાર ટીવી દ્વારા નિર્મિત બધા જ કાર્યક્રમો આસ્થા ચેનલ પર દરરોજ રાત્રે ૯ : ૩૦ થી ૧૦ : ૦૦ સુધી પ્રસારીત કરવામાં આવશે.

આ કાર્યક્રમોના દૈનિક પ્રસારણની વિગતો નીચે મુજબ છે.

| દિવસ | વિષય | વક્તા |
|---|---|---|
| સોમવાર | ક્રિયાત્મક યોગાભ્યાસ.................... | આચાર્ય જ્ઞાનેશ્વરજી આર્ય |
| મંગળવાર | ઈશોપનિષદ્............................. | સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજકજી |
| બુધવાર | મધુર સંબંધોના સ્વર્ણિમ સૂત્રો........... | આચાર્ય આશીષજી આર્ય |
| ગુરુવાર | વ્યક્તિત્વ વિકાસ ........................ | ડૉ. વિનય વેદાલંકાર |
| શુક્રવાર | પાતંજલ યોગ દર્શન..................... | આચાર્ય સત્યપ્રકાશજી |
| શનિવાર | સોળ સંસ્કાર........................... | ડૉ. વાગીશ આચાર્ય |
| રવિવાર | દસ્તાવેજી ચલચિત્ર તથા લઘુ ચલ ચિત્ર | |

બધા જ આર્ય્ બંધુઓને વિચાર ટીવી દ્વારા વિનમ્ર નિવેદન કરવામાં આવ્યું છે કે તેઓ આ કાર્યક્રમોનો લાભ લે તથા પોનાની પ્રતિક્રિયાઓ વિચાર ટીવીને .info@vichaar.tv પર જરૂરથી મોકલી આપે.

ઉપરોક્ત વિષયના અનુસંધાને વધુ જાણકારી મેળવવા માટે વિચાર ટીવીની વેબસાઈટ www.vichaar.tvની મુલાકાત લેવા વિચાર ટીવીના કાર્યકારી નિર્દેશક શ્રી ધર્મેશ આર્ય દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# મહર્ષિ દયાનંદ પરાધિનતાને મોટો અભિશાપ સમજતા હતા

મહર્ષિ દયાનંદનો માનવજાતિ ઉપર અગણિત ઉપકાર છે. સૌથી મોટો ઉપકાર એ છે કે તેમણે અજ્ઞાનરૂપી અંધકારમાં ભટકી રહેલ માનવ સમુદાય સમક્ષ વેદાને પુનઃપ્રકાશ કર્યો.

વેદ શું છે ? "વેદ" શબ્દ સંસ્કૃતના "વિદ" ધાતુથી બનેલ છે. જેનો અર્થ છે જ્ઞાન. અર્થાત્ વેદ એ જ્ઞાનનો પર્યાયવાચી શબ્દ છે. વેદ જ્ઞાન-વિજ્ઞાનનો ભંડાર છે. સંસારની બધી વિદ્યાઓ તેમાં બીજરૂપમાં છે. મનુષ્ય પુરૂષાર્થ કરીને પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી વેદની મદદથી સંસારને સ્વર્ગ બનાવી શકે છે.

વેદ ઈશ્વરીય સંવિધાન (ઈશ્વરીય કાનૂનસંહિતા) છે. જે રીતે કોઈ રાજ્યના સંચાલન માટે રાજાના નિયમો હોય છે તે જ રીતે સંસારના સંચાલન માટે (સંસારમાં સુખ-શાંતિને માટે)ઈશ્વરની કાનૂન સંહિતા વેદ છે. પરમપિતા પરમાત્મા ઘણા દયાળુ છે. તેણે જોવા માટે આપણને આંખ આપી તથા સારું-ખરાબ, કર્તવ્ય-અકર્તવ્ય વિચારવા માટે અંતઃચક્ષુ (વિવેક કે બુદ્ધિ) આપ્યાં. એટલું જ નહિ જે રીતે આંખની સહાયતાને માટે સૂર્યનો પ્રકાશ આપ્યો તે જ રીતે બુદ્ધિની સહાયતાર્થે વેદનો પ્રકાશ પણ કર્યો.

વેદ ઈશ્વરીય જ્ઞાન છે. નિરાકાર, સર્વશક્તિમાન, અંતર્યામી પરમાત્માએ સૃષ્ટિની શરૂઆતમાં ચાર ઋષિઓ (અગ્નિ, વાયુ, આદિત્ય, અંગિરા) ના અંતઃકરણમાં વેદોનો પ્રકાશ કર્યો. તેઓએ બીજાઓને વેદોનું જ્ઞાન આપ્યું. આ રીતે સાંભળી-સંભળાવી ગુરૂ-શિષ્ય પરંપરાથી વેદોનો પ્રચાર-પ્રસાર થતો રહ્યો. તેથી વેદોને શ્રૂતિ પણ કહેવાય છે. સમય જતાં કાગળની છપાઈની શોધ થવાથી વેદો લિપિબદ્ધ કરી પુસ્તકાકાર બનાવવામાં આવ્યાં. વેદ સંસારનો સૌથી પ્રાચીન ગ્રંથ હોવાનો વિદેશી વિદ્વાનો પણ સ્વીકાર કરે છે.

"Rigved is the oldest book in the library of the world,"

-Maxmuller.

સૃષ્ટિના પ્રારંભથી મહાભારત સુધી વેદોનું પઠન-પાઠન થતું રહ્યું. અર્થાત સૃષ્ટિનાં પ્રારંભથી (૧ અરબ ૯૬ કરોડ વર્ષ પૂર્વેથી) ૫,૦૦૦ વર્ષ પૂર્વ સુધીના સમયને વૈદિક કાળ કહેવાય છે. જ્યાં સુધી વેદોનો પ્રચાર-પ્રસાર રહ્યો ત્યાં સુધી સંસારમાં સુખ-શાંતિ બની રહી. ભારત દેશ વિદ્યા, બળ તથા વૈભવ ત્રણેયમાં સર્વસંપન્ન હતો. બીજા દેશોના લોકો અહી વિદ્યાધ્યયન કરવા આવતા હતાં. એટલે જ મહર્ષિ મનુએ લખ્યું છે-અર્થાત આજ આર્યાવર્ત દેશમાં ઉત્પન્ન થયેલા બ્રાહ્મણો (વિદ્વાનો) ના ચરણોમાં બેસીને સંસારના લોકોએ વિદ્યા તેમજ ચરિત્રની શિક્ષા ગ્રહણ કરી. મહાભારત પછી આર્યોમાં આળસ તેમજ પ્રમાદ વધવા લાગ્યા જેથી વેદોનું પઠન-પાઠન લુપ્ત થઈ ગયું અને મતમતાંતર ફેલાવા લાગ્યાં. વર્ણવ્યવસ્થા ભંગ થઈ ગઈ, જાતિવાદ અને છૂતાછૂતનું ભૂત સમાજને ભરખવા લાગ્યું. અખંડ ભારત અનેક ખંડોમાં વિભક્ત થઈ ગયો. જ્યાં પહેલા લોકો વિદ્યાધ્યયન માટે આવતા હતા અને ભારતની તરફ આંખ ઉઠાવી જોઈ શકતા ન હતા, ત્યાં લૂંટવાને માટે આવવા લાગ્યાં. એટલું જ નહિ દીર્ઘકાળ સુધી વિદેશીઓએ આ દેશને ગુલામીની જંજીરોમાં જકડી લીધું. મહર્ષિ દયાનંદ પરાધીનતાને સૌથી મોટો અભિશાપ સમજતા હતાં. તેઓ સત્યાર્થ પ્રકાશના આઠમાં સમુલ્લાસમાં લખે છે કે - "હવે અભાગ્યોદયથી અને આર્યોના આળસ, પ્રમાદ અને પરસ્પરના વિરોધથી અન્ય દેશોનું રાજ્ય કરવાની તો કથા જ શું કહેવી, કિન્તુ આર્યાવર્તમાં પણ આર્યોનું અખંડ, સ્વતંત્ર, સ્વાધીન, નિર્ભય રાજ્ય આ સમયે નથી..... કોઈ કેટલુય કરે પરંતુ સ્વદેશી રાજ્ય હોય છે તે સર્વોપરી ઉત્તમ હોય છે. અથવા મતમતાંતરના આગ્રહરહિત પોતાના અને પારકાના પક્ષપાતશૂન્ય પ્રજા પર પિતા-માતાની સમાન કૃપા, ન્યાય અને દયા સાથે વિદેશીઓનું રાજ્ય પણ પૂર્ણ સુખદાયક હોતું નથી."

મહાભારત પછી વેદોનું પઠન-પાઠન તો બંધ થઈ ચૂક્યું હતું અને ક્યાંક હતું તો કેવળ મંત્ર પાઠ સુધી. મંત્રોના અર્થના વિષયમાં એ ભ્રાન્તિ ફેલાયેલી હતી કે વેદમંત્રોનો કોઈ અર્થ નથી થતો. મધ્યકાલિન ભાષ્યકારોએ જે અર્થ કર્યો તેનાથી વેદોની પ્રતિષ્ઠાને મોટો ધક્કો લાગ્યો. સાયણ અને મહીધરના ભાષ્યોમાં અસંગત અશ્લીલતાનો અતિરેક હતો. આ ભાષ્યકારોએ નિઘંટુ તેમજ નિરુક્તની વિરુદ્ધ પશુબલિ તેમજ ગોમાંસ ભક્ષણને પણ સમર્થન કર્યુ, જ્યારે મંત્રોનો તેની સાથે દૂરનો પણ સંબંધ નથી. આનો ખરાબ પ્રભાવ એ થયો કે પાશ્ચાત્ય વિદ્વાનોએ પણ એ રાગ ગાવો શરું કરી દીધો કે વેદ ગડરિયાઓના ગીત છે.

આ અનર્થને કારણે ન જાણે કેટલાય પ્રભુપુત્રો વેદથી પથભ્રષ્ટ થઈ પુરાણોની પગદંડીઓમાં આજીવન ભટકતા રહ્યાં અને અંતે પોતાનું અમૂલ્ય માનવજીવન બરબાદ કરી દીધું. મહાત્મા બુદ્ધનું દૃષ્ટાંત આપણી સામે છે. બુદ્ધજી જઈ રહ્યા હતા, રસ્તામાં તેમણે જોયું કે કેટલાક લોકો એક બકરાને પકડીને જઈ રહ્યાં હતાં. તેમાંના એકના હાથમાં ધારદાર હથિયાર જોઈ તેમને શંકા થઈ. તેમણે પૂછ્યુ-"અરે આ બિચારા મૂંગા પશુને ક્યાં લઈ જઈ રહ્યાં છો?" જવાબ મળ્યો-"બલિ ચઢાવવા માટે". બુદ્ધજી-"આ શેમાં લખેલ છે?" જવાબ મળ્યો-"વેદમાં". બુદ્ધજી-"હું એવા વેદને નથી માનતો". પ્રશ્ન : "માનશો કેમ નહી વેદ ઈશ્વરની વાણી છે". બુદ્ધજી-"હું એવા ઈશ્વરને પણ નથી માનતો".

હવે મહાત્મા બુદ્ધ નાસ્તિક થઈ ગયા જેમણે બૌદ્ધ મતનો પાયો નાંખ્યો. એમણાં શિષ્યોએ લંગડી અહિંસાના નશામાં આપણા દેશને સદીઓ સુધી વિદેશીઓનો ગુલામ બનાવી દીધો. તો પૌરાણિકોની મતાન્ધતાની શરાબ પીને દેશના દિમાગને પણ વિદેશીઓના દાસ બનાવી રહી-સહી કસર પણ પૂરી કરી દીધી. પછી સર્વત્ર અજ્ઞાન, અન્યાય અને અભાવનું સામ્રાજ્ય છવાઈ ગયું. વિધવાઓનું કરૂણ ક્રન્દન, દલિતોનો હાહાકાર તેમજ ગામોનાં ચિત્કાર ચારે તરફ સંભળાવા લાગ્યાં. અત્યાચારોથી માનવતા ત્રાહિ-ત્રાહિ થઈ રહી હતી. મહર્ષિ દયાનંદનું દયાળું હૃદય દેશની દુર્દશા જોઈ દ્રવિત થઈ ગયું. તેમણે માનવતાનાં દુઃખ અને દેશની દુર્દશાના કારણો પર ગંભીરતાપૂર્વક વિચાર કર્યો. તો મેળવ્યું કે આ બધાનું મૂળ કારણ વેદથી વિમુખ થઈ જવું છે. વેદરૂપી સૂર્યના પ્રકાશ વિના સંસારમાં અંધાકર છે. તેથી, તેમણે પ્રમાણિક વ્યાકરણ ગ્રંથોનો સહારો લઈ વેદોનું ભાષ્ય કર્યુ અને પુનઃવેદોનો પ્રકાશ કર્યો અને કહ્યું વેદો તરફ પાછા વળો, વેદ ઈશ્વરીય જ્ઞાન છે, વેદ જ્ઞાન-વિજ્ઞાનનો ભંડાર છે, વેદ સર્વ સત્યવિદ્યાઓનું પુસ્તક છે. વેદનું ભણવું-ભણાવવું અને સાંભળવું-સંભળાવવું બધા આર્યોનો પરમ ધર્મ છે.

**મહર્ષિ દયાનંદ કહેતા હતા કે વેદ ઈશ્વરીય જ્ઞાન છે, વેદ જ્ઞાન-વિજ્ઞાનનો ભંડાર છે, વેદ સર્વ સત્ય વિદ્યાઓનું પુસ્તક છે.**

મહાભારત પછી બ્રાહ્મણોએ વેદો પર તાળું લગાવી દીધું હતું. "બ્રહ્મવાક્યં જનાર્દનઃ" તથા "ધર્મમાં બુદ્ધિની દખલ નહી." આવી વિચિત્ર કહેવતો અને મનઘડન્ત માન્યતાઓ ફેલાઈ ગઈ હતી. મહર્ષિ દયાનંદે યજુ. નું પ્રમાણ આપીને માનવમાત્ર માટે સદીઓથી બંધ વેદોનું ધ્વાર ખોલી નાંખ્યું. સંત રોમા રોલાએ લખ્યું છે -"ભારતને માટે એ દિવસ યુગપ્રવર્તક હતો જે દિવસે એક બ્રાહ્મણે સ્વીકાર કર્યો કે વેદોનું જ્ઞાન પ્રાપ્ત કરવાનો અધિકાર માનવમાત્ર છે." (ભારતનો અક ઋષિ પૃષ્ઠ.૨૦)

મહર્ષિ દયાનંદે વેદભાષ્યની પ્રાચીન પવિત્ર આર્ષ પ્રણાલિને પુનઃજીવિત કરી મહર્ષિના વેદભાષ્યની વિશેષતાઓન લખી એક દૃષ્ટાંત પ્રસ્તુત કરી રહ્યો છું, જેનાથી પાઠક બંધુ મહર્ષિના વેદભાષ્યની મહિમાનો સ્વયં અનુભવ કરી શકશે.

એકવાર સન ૧૯૩૨ માં દિલ્હીમાં શાસ્ત્રાર્થ થયો પૌરાણિકો અને ઈસાઈઓ વચ્ચે. પૌરાણિકો તરફથી પં. ગિરધર શર્મા ચતુર્વેદી હતા તથા ઈસાઈઓ તરફથી પાદરી અહમદ મસીહ. પાદરી સાહેબ મંત્ર પર આચાર્ય મહીધરનું ભાષ્ય વાંચી વેદ પર અશ્લીલતાનો આરોપ લગાવ્યો. પંડિતજી ગભરાઈ ગયા અને અંતે આર્યસમાજ ચાવડી બજારથી મહર્ષિ દયાનંદનું વેદભાષ્ય મંગાવ્યું અને વાંચી સંભળાવ્યું. આથી પાદરી સાહેબ જોરથી હસ્યા અને કહેવા લાગ્યા કે પંડિતજી હું તો સનાતનીઓ દ્વારા માન્યતા પ્રાપ્ત ભાષ્યને પ્રશ્ન કરી રહ્યો છું અને આપ મહર્ષિ દયાનંદનું ભાષ્ય સાંભળાવી રહ્યા છો. આથી પંડિતજીએ ભારપૂર્વક કહ્યું - "હું પણ મહર્ષિ દયાનંદના વેદભાષ્ય દ્વારા જવાબ આપી રહ્યો છું. મહર્ષિ દયાનંદ પણ અમારા જ હતાં. પાદરીસાહેબે કહ્યું - "કાલ સુધી તો તમે મહર્ષિ દયાનંદને ગાળો આપતા હતા આજે મુસીબત આવી પડવાથી મહર્ષિ દયાનંદ પણ આપના થઈ ગયાં. જો પંડિતજી ભરીસભામાં મહર્ષિ દયાનંદના વેદભાષ્યને પોતાનું માનતા હોય તો અમને કોઈ આપત્તિ નથી." (સાર્વદેશિક-૨૬ ઓક્ટોબર'૮૬) આ રીતે આપણે જોઈએ છીએ કે મહર્ષિ દયાનંદનો જાદુ પોતાનું કામ કરી રહ્યો છે અને એક દિવસ આવશે જ્યારે સંસાર મહર્ષિના શરણમાં આવશે અને તેમના ઉપદેશોનું સત્ય અક્ષરશઃ સ્વીકાર કરશે.

# जयपुर में वैदिक वीरांगना दल के अनेक कार्यक्रम




वैदिक विरांगना दल के द्वारा गुरुवार २९ मई २०१४ को दोपहर ३ वजे से शास ५ बजे तक कृण्वंतो विश्वं आर्यम के लक्ष्य को रखते हुए एक महिला धर्म सभा व भजन प्रतियोगिता का आयोजन रखा गया जिसमें शहर के सभी वर्ग की महिलाओं तथा आर्यसमाजो की बहनों जिनमें सरोज कालरा, डॉ. सुमित्रा आर्या, सरोज अग्रवाल, निर्मला, वेद साहनी, उषा नांदना, ब्रह्मा मित्तल, कमलेश कुच्छल, शकुन्तला छत्रपाल, पुष्पा नारंग, शशि दीवान, आदि महिलाओंने भाग लिया। यह कार्यक्रम संस्था के कार्यालय बी-१२३ मालवीय नगर जयपुर पर रखा गया तथा ईस कार्यक्रम का संचालन श्रीमती दुर्गा शर्मा द्वारा किया गया। संस्था की अध्यक्षा कुमारी अनामिका शर्मा ने बताया कि वैदिक धर्म के प्रचार के लिए गठित संस्था आगे भी अनेक कार्यक्रम करती रहेगी इस कार्यक्रम में लगभग १०० महिलाओं ने भाग लिया और वैदिक धर्म के भजन व चिन्तन के साथ शांन्ति पाठद किया गया वैदिक जय घोष के साथ कृण्वंतो विश्व आर्यम के लक्ष्य के साथ यह कार्यक्रम समाप्त किया गया।

# ડેડિયાપાડના બેસણા ગામે આર્યસમાજ ભવનના નિર્માણનું ભગીરથ કાર્ય શરૂ કરાયું



ગુજરાતના અતિપછાત અને આદિવાસી વિસ્તારમાં મહર્ષિ દયાનંદ સરસ્વતીજીના વિચારોને જન-જન સુધી પહોંચાડવા માટે સતત પ્રયત્નશીલ એવા બેસણા ગામના આર્યો દ્વારા આજુબાજુના ગામોમાં પણ આર્યોના ૧૬ સંસ્કારો કરાવી શકાય તેમજ વિદ્વાનોના પ્રચવનોનો લાભ મેળવી શકાય તેવા ઉમદા હેતુથી સમાજનું ભવન બનાવવાની શરૂઆત કરવામાં આવી છે. આ ભવન માટે સમાજના શ્રી એસ કે. વસાવા દ્વારા દાનની અપીલ કરવામાં આવી છે. અતિ પછાત અને આદિવાસી વિસ્તારમાં આર્યસમાજની સ્થાપના એ એક ગૌરવનો વિષય છે. આ માટે ઉદાર હાથે દાન આપવા આર્યસમાજના દાનવીર શ્રેષ્ઠીઓને અપીલ કરવામાં આવે છે. આપનું દાન આપ નીચેના એકાઉન્ટમાં જમા કરાવી ભવનના નિર્માણમાં સહયોગી બની પૂન્યના ભાગીદાર થશો તેવી અપેક્ષા છે. ARYA SAMAJ BESNA SAVING A/C.NO.31513410584 Bank : State Bank Of India State : Gujarat District : Narmada Branch : Dediapada IFSC Code : SBIN0007787 MICR Code :393002014 Branch Code : 007787 City : Ambawadi Address :Dist Narmada, Gujarat 393 040

ओ३म् अस्माकं वीरा उत्तरे भवन्तु

# અગ્નિપથ

- સાંપ્રત ઘટનાઓનું આદર્શ દષ્ટિકોણથી વિવેચન.
- વૈદિક સાહિત્યના ગહન સિદ્ધાંતોનું સરળ પ્રસ્તુતિકરણ.
- વેદ-દર્શન-ઉપનિષદ જેવા આધ્યાત્મિક ગ્રન્થોમાં નિહિત જ્ઞાનની સરળ પ્રસ્તુતિ.
- બાળકો માટે ઉપદેશ કથા.
- સ્વાસ્થ્ય સંબંધિત જાણકારી.
- વૈદિક વિદ્વાનોના ચિંતનાત્મક લેખો.
- ગુજરાતના આર્યસમાજોના કાર્યક્રમોના સમાચારો.
- રાષ્ટ્રિય અને સાંસ્કૃતિક ગૌરવના ભાવ ભરતું એકમાત્ર ક્રાંતિકારી સાપ્તાહિક.

**શુભેચ્છક વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/-**
**આજીવન લવાજમ રૂા. ૨૦૦૦/-**

: કાર્યાલય :
૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧,
ગાંધીનગર-૩૮૨૦૨૪. ફોન - (૦૭૯) ૨૩૨૧૦૦૭૧
E-mail : agnipathgnr@gmail.com

અગ્નિપથ કાર્યાલયને પત્ર અથવા ઈ-મેલથી જાણ કરી આપ લવાજમ બેંકમાં જમા કરાવી શકો છો.
AGNIPATH A/c No. 24640200000387
Bank of Baroda, Vidhansabha Branch, Gandhinagar.

# માંડવીના ધારાસભ્ય શ્રી તારાચંદજી છેડાનો મંત્રીમંડળમાં સમાવેશ કરાયો



કચ્છના માંડવીના વર્તમાન ભાજપના ધારાસભ્ય અને સંતશ્રી ઓધવરામ વૈદિક ગુરુકુળ, ભવાનીપુરના દાતા તથા સહયોગી શ્રી તારાચંદજી છેડાની મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના મંત્રીમંડળમાં રાજ્ય કક્ષાના મંત્રી તરીકે પસંદગી કરવામાં આવી છે. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજવામાં આવેલા સપથ ગ્રહણ સમારોહમાં સંતશ્રી ઓધવરામ વૈદિક ગુરુકુળના પ્રમુખ શ્રી મંગલભાઈ ભાનુશાળી, શ્રી રણછોડભાઈ નંદા બીટા, શ્રી ભાવેશભાઈ ભદ્ર શીરવા તથા અન્ય મહાનુભાવો તેમને ગાંધીનગર ખાતે શુભકામના પાઠવી હતી તે પ્રસંગની તસવીર

માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી : અરવિંદ કે રાણાએ અનુગ્રહ કોમ્પ્યુટર્સ એન્ડ પ્રિન્ટર્સ જી.આઈ.ડી.સી., સેક્ટર - ૨૮, ગાંધીનગર ખાતે છપાવી પ્લોટ નં. ૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર - ૨૧, ગાંધીનગર -૩૮૨૦૨૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. ફોન (૦૭૯)૨૩૨૧૦૦૭૧ ઈ-મેઈલ : agnipathgnr@gmail.com

OWNER, PRINTER, PUBLISHER & EDITOR : ARVIND K. RANA PRINTED AT ANUGRAH COMPUTERS AND PRINTERS G.I.D.C., SECTOR - 28, GANDHINAGAR.
PUBLISHED FROM : PLOT NO. 791/D/3, PANCHSHEEL PARK, SECTOR - 21, GNADHINAGAR - 382021 PHONE : (079) 23210071. E-MAIL : agnipathgnr@gmail.com